એકબાજુ જયાં નવી દિલ્હીના મંચ પરથી ગ્લોબલ સાઉથના દેશોની વધતી એકતાએ અમેરિકાના પેટમાં તેલ રેડયું છે, બેચેની વધારી દીધી છે, એક બાજુ જયાં નવી દિલ્હીના મંચથી દુનિયાની ઉભરતી અર્થવ્યવસ્થાઓ આત્મનિર્ભર વ્યાપારના વેપારની નવી રૂપરેખા ખેંચી રહી છે. આથી અમેરિકાની તૈયારીઓ વધી ગઈ છે. પોતાની આ નારાજગીને બહાર લાવીને અમેરિકી વાણિજય વિભાગે ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસ આયાત થનારા સોલર પેનલો પર ભારેખમ ટેરિફ લાદવાની તૈયારી કરી લીધી છે.

વિકાસની વણથંભી વણઝાર: સામાન્ય માનવી સુધી પહોંચવાનો પુરૂષાર્થ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના શાસનના ૫ વર્ષ: દેશના ભવિષ્યનો રોડમેપ




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસીત ભારત ૨૦૪૭નુ વિઝન આપ્યુ જેના સંદર્ભમાં વિકસીત ગુજરાત ૨૦૪૭નો રોડમેપ બનાવનાર પ્રથમ રાજયનો શ્રેય મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના પાંચ વર્ષના શાસનને જાય છે

સંવેદનશીલ નેતૃત્વ, સલામત, સામુહિક, સૌના ગુજરાતનો મંત્ર; વાઈબ્રન્ટ–રાજય; ઉદ્યોગો, ખેતી, વ્યવસાય અને કલા, સંસ્કૃતિ, માનવીય ઘબકાર એ શાસનની સિદ્ધિ







ગુજરાત એ સદનસીબ રહ્યું કે ૨૦૦૧માં જયારે વિશ્વ ૨૧મી સદીનો પ્રવાહ શરૂ કરી રહી હતી તે સમયે રાજયને વર્તમાન રાષ્ટ્રીય નેતૃત્વ કરી રહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના રાજયમાં રાજયનું સુકાન મળ્યુ અને તે બાદ રાજયની વણથંભી વિકાસ યાત્રામાં મશાલ સંભાળનાર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે શાસનના પાંચ વર્ષ પુરા કરી રહ્યા છે તો ગુજરાતની યશગાથા પુરુ વિશ્વ આજે જોઈ-સાંભળી રહ્યું છે. દરેક વર્ષ વિકાસને એક નવી ઉંચાઈએ લઈ જવાની સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ એ સુનિશ્ચિત કર્યુ કે રાજયનો છેવાડાનો માનવી વિકાસ વંચિત રહી જાય નહી અને તેના ફળસ્વરૂપ આજે ગુજરાતમાં દરેક નાગરિક એ વિકાસના મીઠા ફળો માણી રહ્યા છે. રાજયનું બજેટ રૂા.૪.૦૮ લાખ કરોડ એ કોઈ એક આંકડો નથી પણ સર્વાંગી વિકાસનું ગણીત છે અને તેનો સરવાળો સતત વધતો જાય છે પછી તે ગ્રામીણ વિકાસ હોય, શહેરી આધુનિકરણ હોય- શિક્ષણ- આરોગ્ય- માર્ગ- બાંધકામ આવાસ નિર્માણ અને જાહેર ટ્રાન્સપોર્ટ સુવિધાની સાથે વિજળી, પાણી, ગેસ, ગરીબોને અનાજ, કન્યાઓને શિક્ષણ, રમત ગમત ક્ષેત્રે આગળ વધવાની યોજના અને વિકલાંગ,વૃદ્ધો, બહેનોને સામાજીક સુરક્ષા, મજબૂત કાનુન વ્યવસ્થા આ તમામ શાસનની પ્રાથમીકતા રહી છે પણ દેશની દૌટમાં ગુજરાત નેતૃત્વ કરે અને વિશ્વની ટેકનોલોજી, ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે પણ ગુજરાતને સ્થાન મળે તે નિશ્ચિત કર્યુ છે.



આ તપાસ છતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો માનવીય અભિગમ એ શાસનનો મંત્ર રહ્યો છે.

૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ સમયગાળા દરમિયાન શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા, ટેકનોલોજી અને નવીનતા સાથે વિદ્યાર્થીઓને શિક્ષણની વધુ સારી તકો મળે તે માટે અનેક મહત્વપૂર્ણ પહેલો કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શિક્ષણ ક્ષેત્રે શરૂ કરેલી પહેલોને આગળ વધારતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ શાળાકીય અને ઉચ્ચ શિક્ષણ બંને ક્ષેત્રે સુવિધાઓ અને તકોનો વિસ્તાર કરવામાં આવ્યો છે.

'નમો લક્ષ્મી' યોજના હેઠળ ૨૫ લાખથી વધુ વિદ્યાર્થીનીઓને રૂ.૨,૧૧૦ કરોડથી વધુની સહાય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૨૪માં શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓને શિક્ષણ ચાલુ રાખવા માટે આર્થિક સહાય આપવામાં આવી રહી છે.

આ ઉપરાંત, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ ૨૦૨૪-૨૫થી અત્યારસુધીમાં ૩.૫૪ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ.૨૯૦ કરોડની સહાય, જ્યારે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના હેઠળ ૨૦૨૩-૨૪થી અત્યારસુધીમાં રૂ.૧૭૬ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે.



મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ અંતર્ગત ૧૩,૩૫૩ નવા વર્ગખંડો બનાવવામાં આવ્યા

ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦નું અસરકારક અમલીકરણ કરવામાં આવ્યું છે. 'મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ' હેઠળ અત્યારસુધીમાં ૧૩,૩૫૩ નવા વર્ગખંડો, ૨૧,૦૦૦ નવી કમ્પ્યુટર લેબ્સ, ૧,૦૯,૦૦૦ નવા સ્માર્ટ ક્લાસરૂમ્સ અને ૫,૦૦૦ નવી STEM લેબ્સનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૪ની ભરતીમાં સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૯,૪૦૦ શિક્ષણ સહાયકો અને ૪૭૦ આચાર્યોની ભરતી કરવામાં આવી છે. સાથે જ ૨,૨૩૦ જૂના શિક્ષકોની ભરતી/બદલી કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૬માં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ૨૪મી કડીનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યની તમામ શાળાઓમાં 'નો ડિટેન્શન પોલિસી' નાબૂદ કરવામાં આવી છે અને RTE હેઠળ ધોરણ-૧માં પ્રવેશ માટેની આવક મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે.

ડ્રોપઆઉટ ઘટાડવાથી સર્વસમાવેશી શિક્ષણ સુધી

વર્ષ ૨૦૦૧-૦૨માં ધોરણ ૧થી ૮નો ડ્રોપઆઉટ રેટ ૩૭.૨૨ ટકા હતો, જે ૨૦૨૪-૨૫માં ઘટીને ૨.૩૫ ટકા થયો છે. સંભવિત ડ્રોપઆઉટની વહેલી ઓળખ માટે AI આધારિત અર્લી વોર્નિંગ સિસ્ટમ (અમલમાં મૂકવામાં આવી છે. તેના દ્વારા અત્યારસુધીમાં આશરે ૧,૬૮,૦૦૦ વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને શિક્ષણ પૂર્ણ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

સર્વસમાવેશી શિક્ષણ માટે રાજ્યમાં ૩૭ નવા રિસોર્સ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં થેરાપી સાધનો, ડિજિટલ પેનલ, રેમ્પ, રેલિંગ અને CwSN ટોઈલેટ જેવી સુવિધાઓ છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં યોગ અને સ્વાસ્થ્ય શિક્ષણ માટે ૧,૧૪૧ શિક્ષકોની નવી જગ્યાઓ પણ ઊભી કરવામાં આવી છે.

ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને સ્ટાર્ટઅપ્સને વેગ

વિદ્યાર્થીઓને પોતાના વતનની નજીક ઉચ્ચ શિક્ષણની તકો મળી રહે તે માટે છેલ્લા પાંચ વર્ષમાં બિન આદિજાતિ વિસ્તારોમાં ૨૪ અને આદિજાતિ વિસ્તારોમાં ૧૭ મળી કુલ ૪૧ નવી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૫ સરકારી કોલેજોમાં નવા પ્રવાહો શરૂ કરાયા છે.

પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે SHODH યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૧૧૩.૫૨ કરોડની સહાય આપવામાં આવી છે. જ્યારે SSIP 2.0 હેઠળ 6,077 Proof of Conceptને રૂ.૨.૫૦ લાખ સુધીની સહાય આપવામાં આવી છે અને વિદ્યાર્થીઓના નવીન વિચારોમાંથી ૯૬૨ સ્ટાર્ટઅપ્સ સ્થાપિત થયા છે.

સુશાસનના ૫ વર્ષ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુણવત્તાસભર અને સુલભ આરોગ્ય સેવાઓ સુનિશ્ચિત થઈ

૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પાંચ વર્ષોમાં જન આરોગ્ય ક્ષેત્રે ગુણવત્તાયુક્ત, સુલભ અને ટેકનોલોજી આધારિત સેવાઓના વિસ્તરણ માટે અનેક મહત્વપૂર્ણ પહેલો કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે અનેક પરિવર્તનકારી પહેલો હાથ ધરી હતી. આ પહેલોને આગળ વધારતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આરોગ્યસેવાઓની પહોંચ વધારવાની સાથે રોગનિવારણ, સમયસર નિદાન અને અસરકારક સારવાર પર પણ ભાર મૂક્યો છે. PMJAY-MA હેઠળ આરોગ્ય સુરક્ષાનું કવચ વધુ મજબૂત, વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ પૂરું પાડનારાં ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય

ગુજરાતમાં સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાનનો પ્રારંભ

વર્લ્ડ ઓબેસિટી ડેના દિવસે ગુજરાતમાં સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ૩૧,૦૨૧ નિક્ષયમિત્રનું નિક્ષય પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે અને ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે ૫,૭૬,૩૪૪ પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું છે. ગુજરાતના નાગરિકોને આરોગ્યલક્ષી સેવા-સુવિધાઓનું એક જ છત્ર હેઠળ મોનિટરિંગ અને સમીક્ષા મળી રહે તે માટે 'આરોગ્ય સમીક્ષા કેન્દ્ર'નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. ઈમરજન્સી આરોગ્યસેવાને વધુ સક્ષમ બનાવવા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસ હેઠળ ૬૧૭ નવી તેમજ હોસ્પિટલો ખાતેની એમ્બ્યુલન્સને સંકલિત કરવામાં આવી છે, જેના પગલે રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સની કુલ સંખ્યા ૧,૪૫૫ થઈ છે.



સાણંદથી ધોલેરા સુધી વિકસી રહી છે સંપૂર્ણ સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ

ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમનું સૌથી મહત્વપૂર્ણ કેન્દ્ર સાણંદ અને ધોલેરા બની રહ્યા છે. સાણંદ ખાતે માઈક્રોન ટેકનોલોજીની DRAM અને NAND મેમરી ચિપ્સ માટેની અત્યાધુનિક ATMP સુવિધા વ્યાવસાયિક ધોરણે કાર્યરત છે. આ ઉપરાંત સાણંદમાં સીજી પાવર, રેનેસાં અને સ્ટાર્સ માઈક્રોઈલેક્ટ્રોનિક્સની અદ્યતન OSAT સુવિધા તેમજ કેઈન્સ સેમિકોનની હાઈ-એન્ડ ચિપ પેકેજિંગ આધારિત OSAT સુવિધા પણ વ્યાવસાયિક ધોરણે કાર્યરત છે. આમ, ગુજરાતમાં હવે માત્ર ચિપ ઉત્પાદન જ નહીં, પરંતુ ચિપની એસેમ્બલી, ટેસ્ટિંગ અને પેકેજિંગ માટેની સંપૂર્ણ ક્ષમતા વિકસી રહી છે.

ટ્રાઇબલ જિનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

આદિજાતિ વિસ્તારના નાગરિકોના આરોગ્ય માટે ટ્રાઇબલ જિનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આ પહેલથી આદિજાતિ વિસ્તારોમાં આરોગ્ય સંબંધિત સંશોધન અને રોગોના સમયસર નિદાનને પ્રોત્સાહન મળશે.

સુશાસનના ૫ વર્ષ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત બન્યું ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રનું હબ

મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ ગુજરાતે છેલ્લા પાંચ વર્ષમાં વિકાસના અનેક નવા આયામો સર કર્યા છે, જેમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ગુજરાતનો ઉદય સૌથી નોંધપાત્ર સિદ્ધિ છે. ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનમાં વિશ્વસનીય ભાગીદાર બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાત આજે ભારતના અગ્રણી સેમિકન્ડક્ટર હબ તરીકે ઉભરી રહ્યું છે.

ગુજરાતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે ૧૩.૬૬ બિલિયન ડોલરથી વધુનું રોકાણ

રાજ્યમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે ૧૩.૬૬ બિલિયન અમેરિકન ડોલરથી વધુનું રોકાણ આવ્યું છે. ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલા કુલ ૧૨ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સમાંથી ૬ પ્રોજેક્ટ્સ ગુજરાતમાં છે. આ આંકડો માત્ર રોકાણની દૃષ્ટિએ જ નહીં, પરંતુ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, એસેમ્બલી, ટેસ્ટિંગ, પેકેજિંગ, ડિઝાઈન અને સંશોધન ક્ષેત્રે ગુજરાતની વધતી ક્ષમતાનો પણ પુરાવો છે.

વિશ્વસ્તરીય માળખું અને રોકાણકારો માટે અનુકૂળ નીતિ

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજનમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે જરૂરી વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. વિશાળ જમીનના પાર્સલ, વિશ્વસનીય વીજળી અને પાણી પુરવઠો, પ્લગ-એન્ડ-પ્લે સુવિધાઓ તથા બંદરો, એરપોર્ટ, એક્સપ્રેસવે અને દિલ્હી-મુંબઈ ઔદ્યોગિક કોરિડોર સાથેની કનેક્ટિવિટી ધોલેરાને સેમિકન્ડક્ટર રોકાણ માટે આકર્ષક સ્થળ બનાવે છે. ગુજરાત સરકારે સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે



વિશેષ પ્રોત્સાહનો પણ જાહેર કર્યા છે. કેન્દ્ર સરકારની CAPEX સહાય ઉપરાંત ૪૦ ટકા વધારાની મૂડી રોકાણ સહાય, FAB પ્રોજેક્ટ માટે જરૂરી પ્રથમ ૨૦૦ એકર જમીન પર ૭૫ ટકા સબસિડી, સ્ટેમ્પ ડ્યુટી અને રજિસ્ટ્રેશન ફીનું ૧૦૦ ટકા વળતર તેમજ ૧૦ વર્ષ સુધી પ્રતિ યુનિટ રૂ.૨ની પાવર ટેરિફ સબસિડી જેવી જોગવાઈઓ રાજ્યની રોકાણકારો માટે અનુકૂળ નીતિને દર્શાવે છે.

સેમિકન્ડક્ટર સાથે કૌશલ્ય વિકાસ અને સંશોધનને પણ પ્રોત્સાહન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સેમિકન્ડક્ટર ક્ષેત્રે માત્ર રોકાણ મેળવવા પર જ ધ્યાન નથી આપ્યું, પરંતુ જરૂરી કૌશલ્ય ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા પર પણ ભાર મૂક્યો છે. PDEU દ્વારા માઈક્રોન ટેકનોલોજીના સહયોગથી ATMP તાલીમ કેન્દ્ર વિકસાવવામાં આવી રહ્યું છે. GTU ખાતે ChipIN એક્સ્ટેન્શન સેન્ટર અને સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કરવામાં આવી રહી છે, જ્યાં વિદ્યાર્થીઓને VLSI ડિઝાઈન અને ચિપ ડિઝાઈનની સમગ્ર પ્રક્રિયાની તાલીમ મળશે.

ગુજરાતની વિકાસયાત્રામાં એક નવો ટેકનોલોજીકલ અધ્યાય

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' અને વિકસિત ભારતના વિઝન સાથે કદમ મિલાવીને ગુજરાતે સેમિકન્ડક્ટર ક્ષેત્રે જે ગતિ પ્રાપ્ત કરી છે તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના પાંચ વર્ષના કાર્યકાળની મહત્વપૂર્ણ સિદ્ધિ બની છે. એક સમયે સેમિકન્ડક્ટર માટે વૈશ્વિક સપ્લાય ચેઈન પર નિર્ભર ભારત આજે આ ક્ષેત્રમાં ઉત્પાદન ક્ષમતા વિકસિત કરી રહ્યું છે અને આ પરિવર્તનમાં ગુજરાત અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે.

ડિજિટલ ક્રાંતિ અને ગ્રીન એનર્જીનો સમન્વય

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે હંમેશાં ભવિષ્યની ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી માર્ગદર્શનમાં ભારતને ડિજિટલ અને ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના ગ્લોબલ હબ બનાવવાના વિઝનને આ નવી નીતિ આગળ ધપાવશે. પર્યાવરણની જાળવણી સાથે વિકાસના મંત્રને સાર્થક કરતા આ ડેટા સેન્ટર્સ માટે ૫૧ ટકા ગ્રીન એનર્જીનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે. ખેડૂતો કે અન્ય ઉદ્યોગોના ભોગે નહીં, પરંતુ દરિયાના પાણીને મીઠું કરવા માટેના ડીસેલીનેશન પ્લાન્ટ પર ભાર મૂકીને પાણી પુરવઠો આપવામાં આવશે.

ડેટા સેન્ટર્સ માટે જોગવાઈ: સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ, 'સિંગલ વિન્ડો સિસ્ટમ' થી મંજૂરી

ધોલેરામાં ડેટા સેન્ટર શરૂ કરવા ૨.૫ ટકા વધારાની મૂડી સહાય આપવામાં આવશે, તેમજ સ્ટેમ્પ ડ્યૂટીમાં સંપૂર્ણપણે મુક્તિ આપવાની જોગવાઈ આ નીતિમાં કરવામાં આવી છે. ડેટા સેન્ટર્સ શરૂ કરવા માટે દસ વર્ષ માટે ૪ ટકા વ્યાજ સહાય તેમજ આગામી ૨૦ વર્ષ માટે પ્રતિ યુનિટ રૂ.૧ની વીજ દર સહાય આપવામાં આવશે. રાજ્ય સરકારે ડેટા સેન્ટર્સને 'આવશ્યક સેવાઓ' તરીકે માન્યતા આપી છે તેમજ આ પ્રોજેક્ટની મંજૂરી પ્રક્રિયા સરળ અને ઝડપી બને તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ નીતિ અંતર્ગત ૭.૫ ગીગા વોટ ક્ષમતાના ડેટા સેન્ટર્સ બનાવવાનું લક્ષ્યાંક છે, જેમાં ગુજરાતને ૧૦ ગીગાવોટ ક્ષમતાના પ્રસ્તાવ કંપનીઓ દ્વારા મળ્યા છે.

સાણંદ અને ધોલેરામાં સેમિકન્ડક્ટર બાદ હવે ડેટા સેન્ટર ક્રાંતિ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગના યુગમાં મજબૂત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખાસ કરીને ડેટા સેન્ટર્સના મહત્વને ધ્યાને રાખીને આ નીતિ બનાવવામાં આવી છે. હવે આ નવી નીતિના કારણે આગામી સમયમાં આ વિસ્તારો હાઈ-ટેક ડેટા સેન્ટરોના મુખ્ય કેન્દ્રો તરીકે ઉભરી આવશે. ડેટા સેન્ટર સ્થાપવાની સાથે સાથે આગામી સમયમાં ધોલેરાને ગ્લોબલ કેપેબીલીટી સેન્ટર્સનું હેડક્વાર્ટર બનાવવાની દિશામાં પણ સરકાર સક્રિયપણે કામ કરી રહી છે. રાજ્યમાં ગુડ ગવર્નન્સ અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે વૈશ્વિક રોકાણકારો માટે હવે ગુજરાત ડેટા સેન્ટર સ્થાપવા માટે દેશનું સૌથી પસંદગીનું રાજ્ય બની રહ્યું છે. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના પાંચ વર્ષ પૂર્ણ થયા છે. આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ પ્રાપ્ત કરીને નાગરિકોની સુખાકારીમાં વધારો કર્યો છે.

૧૯ નીતિઓથી ભવિષ્યના ક્ષેત્રો માટે મજબૂત પાયાનું નિર્માણ

રાજ્યના વિકાસને નવી ગતિ આપવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ૧૯ મહત્વપૂર્ણ નીતિઓ અમલમાં મૂકવામાં આવી છે. સેમિકન્ડક્ટર, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રોનિક્સ, સ્પેસટેક, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ, ડેટા સેન્ટર્સ, શિપબિલ્ડિંગ અને અદ્યતન મેન્યુફેક્ચરિંગ જેવા ક્ષેત્રોને પ્રોત્સાહન આપતી નીતિઓના કારણે ગુજરાતે ઉભરતા અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં રોકાણ માટે મજબૂત ઈકોસિસ્ટમ ઊભી કરી છે.

'વિકસિત ગુજરાત ૨૦૪૭'નો ગુજરાતનો રોડમેપ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત @2047'ના વિઝનને અનુરૂપ 'વિકસિત ગુજરાત @2047'નો રોડમેપ તૈયાર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. લાંબા ગાળાના આ વિઝન દ્વારા ગુજરાતને આર્થિક રીતે સક્ષમ, ટેકનોલોજીથી સક્ષમ અને સર્વસમાવેશી વિકાસ સાથેના એક મજબૂત રાજ્ય તરીકે વિકસાવવાની દિશા નક્કી કરવામાં આવી છે.

શહેરી વિકાસને પ્રાથમિકતા: વર્ષ ૨૦૨૫ની 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવણી

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના શહેરી વિકાસના વિઝનને આગળ લઈ જતા વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્યના શહેરોને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ બનાવવા આધુનિક અને વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર મૂકવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત બનશે દેશનું અગ્રણી ડેટા સેન્ટર હબ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે સુશાસનના સફળ ૫ વર્ષ પૂર્ણ કર્યા છે. આ પાંચ વર્ષના સુશાસન દરમિયાન રાજ્યએ આર્થિક, ઔદ્યોગિક અને ભવિષ્યલક્ષી ટેકનોલોજી ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. રાજ્યને ભવિષ્યલક્ષી ટેકનોલોજીથી સક્ષમ કરવા માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા તાજેતરમાં જ 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર નીતિ ૨૦૨૬-૨૯' જાહેર કરવામાં આવી છે, જે ગુજરાતને ટેકનોલોજી ક્ષેત્રે એક મજબૂત વૈશ્વિક કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરશે.

વિકાસની સીમા નહી

વિકાસના પાંચ સ્થંભ આધારિત રૂા.૪.૦૮ લાખ કરોડનું ઈતિહાસનું સૌથી મોટુ બજેટ

વિશ્વ ખેલશે ગુજરાતની ભૂમિ પર

વિશ્વસ્તરીય સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રકચરનું હબ, કોમનવેલ્થ માટે તૈયારી

૨૧મી સદીની હરણફાળ

રાજયમાં સેમીકન્ડકટર, રીન્યુએબલ એનર્જી, આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સ સહિતના ક્ષેત્રોમાં નેતૃત્વ

ડીજીટલ અસ્કયામતોનું સર્જન

રાજયમાં ૭.૫ ગીગાવોટસના ડેટા સેન્ટર– ગ્રીન એનર્જીનો ઉપયોગ: ડીસેલીનેશન પ્લાંટ

સ્વસ્થ ગુજરાત શ્રેષ્ઠ ગુજરાત

મુખ્યમંત્રીના દુરગામી નિર્ણયથી PMJAY-MA હેઠળ રૂા.૧૦ લાખ સુધીની આરોગ્ય સહાય... વિદ્યાર્થીઓને ડીજીટલ હેલ્થ કાર્ડ

તેજસ્વી ગુજરાત

સુશાસન સાથે શ્રેષ્ઠ–સર્વગ્રાહી–સર્વત્ર શિક્ષણ પહોંચ: નમો લક્ષ્મી યોજનામાં ૨૫ લાખ વિદ્યાર્થીઓને રૂા.૨૧૧૦ કરોડની સહાય

ભારતમાં અગ્રણી

સેમીકન્ડકટર–ચીપ નિર્માણમાં ૬ પ્રોજેકટ ૧૩.૬૬ બીલીયન ડોલરનું રોકાણ

Jaihind Tiger | પ્રકાશ ✕ પ્રગતિ ✕ પવિત્રતા | દૈનિક
On Behalf of **Jaihind Publication:** Yashwant Narottamdas Shah - Publisher, Printer, Editor
• **Place of Publication :** Jaihind Press Building, Ashram Road, Navrangpura, Ahmedabad-380009
Phone: 079-26587052/53 • **Email Address:** info@jaihinddaily.com
@jaihinddaily @jaihinddaily

મહારાષ્ટ્ર સરકારને કોકરોચનું અલ્ટીમેટમ

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતનો મુદ્દો ફરી એકવાર ગરમાયો છે

જાલનાના અંતરવાળી સરાટીમાં મનોજ જરાંગે પાટિલ ૨૯ ઓગસ્ટથી ૧૫ માંગણીઓ સાથે ઉપવાસ પર છે

મુંબઈ, તા.૧૨

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતનો મુદ્દો ફરી એકવાર જોર પકડી રહ્યો છે. કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સંસ્થાપક અભિજિત દીપકેએ શુક્રવારે મરાઠા અનામત કાર્યકર્તા મનોજ જરાંગે પાટિલ સાથે મુલાકાત કરીને તેમને પોતાનું સમર્થન જાહેર કર્યું છે. મનોજ જરાંગે પાટિલ ગત ૨૯ ઓગસ્ટથી જાલનાના અંતરવાળી સરાટીમાં પોતાની ૧૫ માંગણીઓને લઈને અનિશ્ચિત મુદતના ઉપવાસ પર બેઠા છે. આ મુલાકાત દરમિયાન અભિજિત દીપકેએ સરકારને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો મનોજ જરાંગે પાટિલને જબરદસ્તી પ્રદર્શન સ્થળેથી હટાવાની કોશિશ કરવામાં આવશે તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે અને સમગ્ર મહારાષ્ટ્ર પ્રદર્શન સ્થળ પર પહોંચી જશે.

દીપકેએ સરકારની ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે મનોજ જરાંગે પાટિલને તે જ રીતે જબરદસ્તી હટાવાનો પ્રયાસ ન કરવામાં આવે, જે રીતે દિલ્હી પોલીસે સોનમ વાંગચુકને તેમના ભૂખ હડતાલના સ્થળેથી હટાવ્યા હતા. તેમણે ભારપૂર્વક કહ્યું કે મહારાષ્ટ્રમાં આ પ્રકારની કાર્યવાહી બિલકુલ સહન કરવામાં આવશે નહીં. અભિજિત દીપકેએ સરકારને અપીલ કરી હતી કે તેઓ તુરંત મનોજ જરાંગે પાટિલ સાથે વાતચીત કરે અને તેમની તમામ માંગણીઓ સાંભળે, જેથી મામલો શાંત થઈ શકે.

મનોજ જરાંગે પાટિલના આંદોલન પાછળના કારણો સ્પષ્ટ કરતા દીપકેએ જણાવ્યું કે તેઓ પોતાના સમાજના લોકો માટે ઉત્તમ શિક્ષણ અને રોજગારના અવસરો મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે.

જો સરકારે પૂરતી શિક્ષણ અને રોજગારની તકો પૂરી પાડી હોત તો જરાંગે પાટિલને ઉપવાસ પર બેસવાની નોબત ન આવત. તેમણે ગ્રામીણ વિસ્તારોમાં સરકારી શાળાઓની નબળી સ્થિતિ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. દીપકેએ જણાવ્યું કે જરાંગે પ્રથમેશ દેશમુખ જેવા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સુવિધાઓ ઈચ્છે છે, જેમણે એમપીએસસી (MPSC) પરીક્ષાની તૈયારી દરમિયાન કથિત રીતે આત્મહત્યા કરી લીધી હતી.

અભિજિત દીપકેના આક્ષેપો સામે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે સરકારે મનોજ જરાંગે પાટિલની મોટાભાગની માંગણીઓ સંતોષી લીધી છે. જેનાથી સમગ્ર મરાઠા સમાજને મોટો ફાયદો થશે.

મંત્રી રાધાકૃષ્ણ વિખે પાટિલે અગાઉ જણાવ્યું હતું કે સરકારે મરાઠા સમુદાય માટે અભૂતપૂર્વ પગલાં ભર્યા છે. જેમાં પાત્ર મરાઠા યુવાનોને અન્ય પછાત વર્ગ (OBC) શ્રેણીમાં સામેલ કરવા માટે કુનબી પ્રમાણપત્ર આપવાની પ્રક્રિયાને અત્યંત સરળ બનાવવાનો સમાવેશ થાય છે. સરકારના જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) કોટા દ્વારા ૩.૫ લાખથી વધુ યુવાનોને તેનો લાભ મળી ચૂક્યો છે.



જગ્ગુ ભગવાન પુરિયા ગેંગ સાથે જોડાયેલા અને ૨૧ જેટલા ગંભીર ગુનામાં વોન્ટેડ ગુનેગાર અમ્રિતપાલ સિંઘ ઉર્ફે અમ્રિત ડાલમને પંજાબ પોલીસની એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ અને ઓપરેશન ઈસ્ટર્ન રીચ દ્વારા રિપબ્લિક ઓક મોલ્દોવાથી ધરપકડ કરી પ્રત્યારોપણ કરી ભારતમાં નવી દિલ્હી એરપોર્ટ ખાતે લાવવામાં આવેલો છે.

સાત હત્યા સહિત અનેક કેસોમાં વોન્ટેડ

અમૃતપાલ સિંહને મોલ્ડોવાથી ભારત ખાતે પરત લવાયો

નવી દિલ્હી,.તા.૧૨

પંજાબ પોલીસે પહેલીવાર યુરોપથી ભાગેડુ આરોપીને પ્રત્યાર્પણ કરવામાં મોટી સફળતા મેળવી છે. કેન્દ્રીય એજન્સીઓની મદદથી, પંજાબ પોલીસે જગ્ગુ ભગવાનપુરિયા ગેંગના મુખ્ય ઓપરેટર અમૃતપાલ સિંહ ઉર્ફે અમૃત દાલમને મોલ્ડોવાથી ભારત પરત લાવ્યો છે. પંજાબના ડીજીપી ગૌરવ યાદવે શનિવારે આ જાહેરાત કરતા કહ્યું કે સંગઠિત ગુનાઓ પર પંજાબ પોલીસની આંતરરાષ્ટ્રીય કાર્યવાહીમાં આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

અમૃતપાલ સિંહ પંજાબમાં હત્યા, હત્યાનો પ્રયાસ, યુએપીએ, આર્મ્સ એક્ટ અને ડ્રગ સંબંધિત અનેક કેસોમાં વોન્ટેડ હતો. એડીજીપી એજીટીએફ પ્રમોદ બાનના જણાવ્યા અનુસાર, આરોપી ઓછામાં ઓછા સાત હત્યાના કેસમાં વોન્ટેડ હતો. આમાં ૨૦૧૯ માં બટાલામાં દલવીર સિંહની હત્યા, ૨૦૨૪ માં હોશિયારપુરમાં અમરજીત લાલ અને કાશ્મીરી લાલની બેવડી હત્યા અને ૨૦૨૫ માં ધર્મજીત સિંહ ઉર્ફે ધરમ, કણવ મહાજન, સરબજીત સિંહ ઉર્ફે કાકા અને જસદીપ સિંહ ઉર્ફે દીપ ચીમાની હત્યાઓનો સમાવેશ થાય છે.

પોલીસના જણાવ્યા અનુસાર, અમૃતપાલ ઓક્ટોબર ૨૦૨૪ માં નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને વિદેશ ભાગી ગયો હતો. આ પાસપોર્ટ હરિયાણાના કુરુક્ષેત્રના રહેવાસી હીરા સિંહના પુત્ર ગુરપાલના દસ્તાવેજોનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવ્યો હતો. પંજાબ પોલીસે આરોપી સામે રેડ નોટિસ જારી કરી હતી

અમૃતપાલ ઓક્ટોબર ૨૦૨૪ માં નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને વિદેશ ભાગી ગયો હતો

અને સમયાંતરે તેના નકલી પાસપોર્ટ અને સંભવિત ઠેકાણા સંબંધિત માહિતી કેન્દ્રીય એજન્સીઓ સાથે શેર કરી હતી. ત્યારબાદ, વિવિધ દેશોમાં તેની પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં આવી હતી.

પ્રત્યાર્પણનો આદેશ અંતિમ સ્વરૂપ મળ્યા પછી, ચાર સભ્યોની પંજાબ પોલીસની ટીમ મોલ્ડોવા મોકલવામાં આવી હતી. એજીટીએફના પોલીસ અધિક્ષક બિક્રમજીત સિંહ બ્રારના નેતૃત્વમાં, ટીમમાં ઇન્સ્પેક્ટર પુષ્વિંદર સિંહ, સબ-ઇન્સ્પેક્ટર જસપ્રીત સિંહ અને છજ્જે વરિન્દર કુમારનો સમાવેશ થતો હતો. ટીમે શુક્રવારે ચિસિનાઉ એરપોર્ટ પરથી અમૃતપાલની અટકાયત કરી હતી અને શનિવારે તેને નવી દિલ્હીના એરપોર્ટ લઈ જવામાં આવ્યો હતો. આરોપીને હવે પંજાબ લાવવામાં આવશે અને તેની સામે નોંધાયેલા કેસોમાં તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું હતું કે આ સમગ્ર ઓપરેશન 'ઓપરેશન ઈસ્ટર્ન રીચ'નો એક ભાગ હતું, જે ગુપ્ત માહિતી આધારિત આંતરરાષ્ટ્રીય ઓપરેશન હતું જે લગભગ છ મહિના સુધી ચાલ્યું હતું. આ સમયગાળા દરમિયાન, પંજાબ પોલીસે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ સાથે સતત સંકલન કર્યું. ઢૂંએ મોલ્ડોવા અને અઝરબૈજાનના અધિકારીઓ, સીબીઆઈના આંતરરાષ્ટ્રીય પોલીસ સહકાર એકમ, ગૃહ મંત્રાલય, વિદેશ મંત્રાલય અને અન્ય કેન્દ્રીય એજન્સીઓનો આભાર વ્યક્ત કર્યો.



બંગાળની ખાડીમાં સર્જાયેલી એકથી વધુ સિસ્ટમસને લઈને દેશના અનેક ભાગોમાં પડી રહેલો ભારે વરસાદ આફત બન્યો છે. ઉત્તારાખંડનમાં પૂરના કારણે પિથોરાગઢના કુલગાડ નાળા પર બનેલો ૧૭૦ ફુટલોબો બેબી બ્રિજ ધસમસતા પૂરના પ્રવાહમાં તણાઇ ગયો છે. તો છત્તીસગઢમાં કોલેજના ત્રણ વિદ્યાર્થીઓ નદીના પૂરમાં ગૂમ થયા છે. મધ્યપ્રદેશ રાજસ્થાન પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં મુશળધાર વરસાદના અહેવાલો વચ્ચે કોલકત્તામાં કાલીઘાટ વિસ્તારમાં ફરી વળેલા હુબલી નદી (મૂળ ગંગા નદી)ના પૂરના પાણીમાંથી એક વેન્ડર સાયકલ ખેંચીને પસાર થઈ રહ્યો છે.

આઈએએસ અધિકારી પૂજા સિંઘલની અરજી પર સુપ્રીમ કોર્ટ કરશે સુનાવણી

નવી દિલ્હી,તા.૧૨

મની લોન્ડરિંગ કેસમાં કોગ્નિઝન્સ ઓર્ડર રદ કરવાની ઝારખંડ હાઈકોર્ટના આદેશને પડકારતી આઈએએસ અધિકારી પૂજા સિંઘલ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુપ્રીમ કોર્ટ ૧૫ સપ્ટેમ્બરના રોજ સુનાવણી કરશે.

૧૮ કરોડ રૂપિયાના કૌભાંડની તપાસ હાથ ધરવામાં આવશે

આ મામલાની સુનાવણી ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જયમલ્યા બાગચી અને વી. મોહનાની બનેલી બેન્ચ દ્વારા કરવામાં આવે તેવી શક્યતા છે.

ઝારખંડ ખાણ વિભાગના ભૂતપૂર્વ સચિવ સિંઘલની ૧૧ મે, ૨૦૨૨ ના રોજ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી,

કેન્દ્ર સરકારની મુખ્ય ગ્રામીણ રોજગાર યોજના, મનરેગાના અમલીકરણમાં કથિત ૧૮ કરોડ રૂપિયાના કૌભાંડના સંબંધમાં તેમની મિલકતો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

૨૦૦૦ બેચના આઈએએસ અધિકારી, જે બે વર્ષથી વધુ સમયથી જેલમાં હતા, તેમનું સસ્પેન્શન રદ થયા બાદ તેમને જામીન આપવામાં આવ્યા હતા.

ફોનમાંથી મળ્યા અશ્લીલ વીડિયો

દુષ્કર્મ કેસમાં સજા ભોગવતા પૂર્વ સાંસદને જેલમાં VIP સુવિધા

બેંગલુરુની પરપ્પના અગ્રહાર જેલમાં, પૂર્વ સાંસદ પ્રજ્વલ રેવન્નાની બેરેક પર ૧૧ ઓગસ્ટના રોજ દરોડો પડ્યો હતો

બેંગલુરુ, તા.૧૨

બેંગલુરુની પરપ્પના અગ્રહાર સેન્ટ્રલ જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા પૂર્વ જનતા દળ (સેક્યુલર) સાંસદ પ્રજ્વલ રેવન્નાની બેરેક પર ગત ૧૧ ઓગસ્ટના રોજ કાઈમ બ્રાન્ચના અધિકારીઓ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન રેવન્ના જેલની અંદર મોબાઈલ ફોન વાપરતો ઝડપાયો હતો. સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ ગણાતી આ હાઈ-સિક્યોરિટી બેરેકમાંથી અધિકારીઓએ મોબાઈલ ફોન ઉપરાંત એક ચાર્જર, પેન ડ્રાઈવ અને નોટબુક પણ જપ્ત કરી હતી. જપ્ત કરાયેલા આ તમામ ડિજિટલ ઉપકરણોને તાત્કાલિક ફોરેન્સિક વિશ્લેષણ માટે મોકલી આપવામાં આવ્યા હતા, જેનો રિપોર્ટ હવે સામે આવ્યો છે.

ફોરેન્સિક વિશ્લેષણના રિપોર્ટથી એ વાતનો ઘટસ્ફોટ થયો છે કે જપ્ત કરાયેલા મોબાઈલ ફોન અને અન્ય ઉપકરણોમાં મોટી સંખ્યામાં બિભત્સ વિડિઓ અને પેન ડ્રાઈવમાં વિવિધ બિભત્સ વેબ સીરિઝ મળી આવી છે. આ ઘટના સામે આવ્યા બાદ રાજ્યની જેલ સુરક્ષા વ્યવસ્થા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે કે કેવી રીતે હાઈ-સિક્યોરિટી ઝોનમાં પ્રતિબંધિત વસ્તુ આ પહોંચી શકે છે. અગાઉ પણ જેલની અંદર વીઆઈપી કેદીઓને મળતી ખાસ સગવડો અને છૂટછાટોને લઈને ભારે ચર્ચા થઈ ચૂકી છે. ઉલ્લેખનીય છે કે પ્રજ્વલ રેવન્ના એ પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવેગૌડાનો પૌત્ર અને કેન્દ્રીય મંત્રી એચ.ડી. કુમારસ્વામીનો ભત્રીજો છે. તે એક મહિલા સામેના ગંભીર કેસમાં દોષિત સાબિત થયા બાદ હાલ જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. જેલના કાયદા અને નિયમો અનુસાર, કોઈપણ કેદી માટે વ્યક્તિગત મોબાઈલ ફોન, સિમ કાર્ડ અને ઈલેક્ટ્રોનિક કોમ્યુનિકેશન ડિવાઈસ રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ હોય છે. કેદીઓ માત્ર નિયંત્રિત લેન્ડલાઈન અથવા પબ્લિક કોલ ઓફિસ દ્વારા જ સંપર્ક કરી શકે છે. આ ગંભીર ત્રુટિ સામે આવતા સત્તાવાળાઓએ તાત્કાલિક ધોરણે એક જવાબદાર જેલ અધિકારીને સસ્પેન્ડ કરી દીધા છે અને સમગ્ર મામલે ઊંડી તપાસના આદેશ આપ્યા છે.

આ ઘટના બાદ આરોપી રાહુલ ઝા ફરાર

એક શખ્સે પોતાના હાથે પોતાના આખા પરિવારને ખતમ કરી નાખ્યો

જયપુર, તા.૧૨

રાજસ્થાનની રાજધાની જયપુરના કરધની વિસ્તારમાં આવેલી ગોવિંદ વાટિકામાં તાજેતરમાં બનેલી ભયાનક ઘટનાએ આખા શહેરને હચમચાવી નાખ્યું છે. રાહુલ ઝા નામના એક શખ્સે પોતાના હાથે પોતાના આખા પરિવારને ખતમ કરી નાખ્યો છે. હવે આ ભયાનક ઘટનાનું કારણ પણ સામે આવ્યું છે.

ખરેખર, શેરબજારમાં થયેલા ભારે નુકસાન, દેણા અને ઘરમાં વારંવાર થતાં ઝઘડાના કારણે રાહુલ ઝાએ પોતાની પત્ની ગીતા અને ત્રણ માસૂમ દીકરીઓ નંદિની, રાધિકા અને ગિરિશાની કરપીણ હત્યા કરી નાખી. આ ઘટના બાદ આરોપી રાહુલ ઝા ફરાર છે. પોલીસ તેની શોધખોળ કરી રહી છે.

એડિશનલ ડીસીપી રાજેશ

શેરબજારમાં થયેલા ભારે નુકસાન, દેણા અને ઘરમાં વારંવાર થતાં ઝઘડાના કારણે રાહુલ ઝાએ હત્યા કરી

ગુમાના જણાવ્યા અનુસાર, રાહુલ પર ઘણું દેણું હતું અને તે પોતાની પત્નીના નામે રજિસ્ટર્ડ ગોવિંદ વાટિકાનું મકાન વેચવા માંગતો હતો. આ જ બાબતે પતિ-પત્ની વચ્ચે સતત વિવાદ ચાલી રહ્યો હતો. રાહુલે તાજેતરમાં એક પડોશી પાસેથી ૫૦ હજાર રૂપિયા માગ્યા હતા, પણ તેને માત્ર ૨૫ હજાર જ મળ્યા હતા. આર્થિક તંગીના કારણે રાહુલની પત્ની ગીતા બ્યુટી પાર્લર ચલાવીને અને મોટી દીકરી અભ્યાસ સાથે નોકરી કરીને ઘર સંભાળવાનો પ્રયાસ કરી રહી હતી, પણ આર્થિક તંગીએ રાહુલને માનસિક રીતે તોડી નાખ્યો.

FSL તપાસ મુજબ, રાહુલે વહેલી સવારે ૪થી ૫ વાગ્યાની વચ્ચે આ ઘટનાને અંજામ આપ્યો હતો. આશંકા છે કે તેણે પહેલા પરિવારજનોને કોઈ નશીલો પદાર્થ સૂંઘાડ્યો અને પછી સિમેન્ટની ઈંટથી હુમલો કર્યો. ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા રાહુલના વૃદ્ધ પિતા લક્ષ્મીનાથ ઝાને ઘટનાનો અહેસાસ પણ ન થયો.

સવારે જ્યારે આ ભયાનક ઘટનાના સમાચાર મળ્યા, ત્યારે સગા-સંબંધીઓ અને પડોશીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. હાલ પોલીસની અનેક ટીમો આરોપી રાહુલને શોધી રહી છે. પોલીસ દ્વારા આ મામલે સગા-સંબંધીઓની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. સાથે જ પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે રાહુલ કોની-કોની પાસેથી પૈસા ઉધાર લીધા હતા.



પંજાબમાં ફિરોઝાબાદ જિલ્લાના શિકોહાબાદ રેલવે સ્ટેશન ખાતે રેલવે ટ્રેક પર પાર્ક કરેલા મેન્ટેનન્સ મશીનમાં ભીષણ આગ ફાટી નિકળતા અગ્નિની જવાળા સાથે ધુમાડો નિકળી રહ્યો છે આગની ઘટનાને કારણે શિકોહાબાદ રેલવે સ્ટેશન ખાતે થોડો સમય ટ્રેન વ્યવહાર ખોરવાઈ ગયો હતો.

કોઈ મૂર્ખ જ હશે જે કોંગ્રેસના ગઢમાં જઈને ચૂંટણી લડે

નવી દિલ્હી, તા.૧૨

ભાજપ મહામંત્રી સ્મૃતિ ઈરાનીએ તાજેતરમાં જ સંગઠનમાં જબરદસ્ત વાપસી કરી છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં અમેઠીથી મળેલી હાર બાદ બે વર્ષ સુધી તેઓ ચર્ચાઓમાંથી લગભગ બહાર થઈ ગયા હતા, પરંતુ નિતિન નવીનની ટીમમાં તેમને મહામંત્રી બનાવવામાં આવ્યા છે. એક ઈન્ટરવ્યુમાં તેમણે અમેઠીથી મળેલી હાર બાદ ટીવી સીરિયલ તરફ વળવા, લોકસભા અને રાજ્યસભા ચૂંટણી લડવા સહિતના તમામ મુખ્ય મુદ્દાઓ પર વાતચીત કરી છે.એક ઈન્ટરવ્યુમાં સ્મૃતિ ઈરાનીને જ્યારે પૂછવામાં આવ્યું કે અમેઠીથી હાર મળી તો તે પછી તમે સીરિયલમાં વાપસી કરી. અચાનક આવું કેમ કર્યું? આના પર તેમણે જવાબ આપ્યો કે રાજકારણને લઈને લોકો સમીક્ષા કરે છે કે તમારી પાસે સત્તા પક્ષમાં કોઈ પદ છે કે નહીં. ભાજપ કાર્યકરોને ખબર છે કે અમે લાંબો સમય વિપક્ષમાં જોયો છે. એટલા માટે જરૂરી નથી કે સત્તા માટે લલચાયેલા કાર્યકરો જ પક્ષ સાથે જોડાય.

સ્મૃતિ ઈરાનીએ સીરિયલ વાપસી અંગે ફોડ પાડ્યો

બોસ્ટન કોમર્સ લિમિટેડ

(અગાઉ બોસ્ટન બાયો સીસ્ટમ્સ લિમિટેડ તરીકે જાણિતી)

CIN : L62013GJ1995PLC025476

રજીસ્ટર્ડ ઓફીસ : ઓફીસ નં.૧૧, કિષ્ણા કોમ્પલેક્ષ, મહાત્મા ગાંધી બ્રિજ, શ્રેયસ કોલોની, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

ઇમેઇલ : bostonsystem@yahoo.com • **વેબસાઇટ :** www.bostonbio.in

૩૧મી વાર્ષિક સામાન્ય સભા ("એજીએમ") ની નોટિસ

આથી સુચિત કરવામાં આવે છે કે 'બોસ્ટન કોમર્સ લિમિટેડ' ના સભ્યોની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા ('એજીએમ') બુધવાર, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે (IST), વિડીયો કોન્ફરન્સ (વીસી) / અન્ય ઓડીયો વીઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) દ્વારા યોજવામાં આવશે, જેમાં એજીએમની નોટિસમાં દર્શાવેલ કામકાજ હાથ ધરવામાં આવશે. કંપનીની રજીસ્ટર્ડ ઓફીસને એજીએમનું સ્થળ માનવામાં આવશે.

જે સભ્યોના ઇ-મેઇલ સરનામા કંપની / આરટીએ / ડિપોઝેટરીઝ/ ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ્સ પાસે નોંધાયેલા છે, તેમને એજીએમની નોટિસ, નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૬નો વાર્ષિક અહેવાલ અને ઇ-વોટિંગ અંગેની સુચનાઓ ઇલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવી છે. જે સભ્યોના ઇ-મેઇલ સરનામાં નોંધાયેલા નથી, તેમને વાર્ષિક અહેવાલ મેળવવા માટેની વેબ-લિંક અને ચોક્કસ પાથ ધરાવતો પત્ર મોકલવામાં આવી રહ્યો છે.

નોટિસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.bostonbio.in, પર અને બીએસઇ ની વેબસાઇટ www.bseindia.com પર તેમજ એનએસડીએલ ની વેબસાઇટ www.evoting.nsdl.com. પર પણ ઉપલબ્ધ છે.

કંપનીએ એનએસડીએલને રિમોટ ઇ-વોટિંગ, એજીએમમાં વીસી / ઓએવીએમ મારફત ઇ-વોટિંગ અને એજીએમ દરમ્યાન ઇ-વોટિંગ માટે રોકેલ છે.

કટ-ઓફ તારીખ : બુધવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬.

રિમોટ ઇ-વોટિંગ પ્રક્રિયા રવિવાર, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે શરૂ થઇ અને મંગળવાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે સમાપ્ત થશે. ત્યારબાદ રિમોટ ઇ-વોટિંગ સવલત અક્ષમ કરાશે.

જે સભ્યોએ તેમના મત રિમોટ ઇ-વોટિંગ મારફત આપેલ નથી તેઓ એજીએમ દરમ્યાન તેમના મત આપી શકશે. જેઓએ અગાઉ મતદાન કરેલ છે તેઓ એજીએમમાં હાજર રહી શકશે પરંતુ બીજી વખત મતદાન કરવા હકદાર રહેશે નહીં.

ઇ-વોટિંગ બાબત કોઇપણ મદદ ઇચ્છતા સભ્યોએ એનએસડીએલ નો સંપર્ક evoting@nsdl.com પર કરવો અથવા ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ પર કોલ કરવો

બોસ્ટન કોમર્સ લિમિટેડ વતી,
(અગાઉ બોસ્ટન બાયો સીસ્ટમ્સ લિમિટેડ તરીકે જાણિતી)
સહી/-
અર્ચના ચૈતન્ય પંડ્યા
હોલ-ટાઇમ (સંપુર્ણ-સમયના) ડિરેક્ટર

તારીખ : સપ્ટેમ્બર ૧૨, ૨૦૨૬
સ્થળ : અમદાવાદ

✍ તંત્રી સ્થાનેથી...

બ્રિકસ સંમેલન પછી સામૂહિક શક્તિ સાબિત કરવી જરૂરી

કોઈપણ સમૂહની શક્તિ તેની વિશાળતામાં નથી પરંતુ એ વિશાળતાને નક્કર ઉદ્દેશ્ય તથા સામૂહિક કાર્યવાહીમાં રૂપાંતર કરવાની ક્ષમતાથી સફળતા મેળવી શકાય છે. બે દાયકામાં બ્રિકસને પોતાની સદસ્યતા, આર્થિક ક્ષમતા તથા વૈશ્વિક દક્ષિણની અવાજના સ્વરૂપમાં પોતાની પ્રાસંગિકતા સાથે ઉલ્લેખનીય વિસ્તાર કર્યો છે.



ઘણા આફ્રિકી દેશો આકાંક્ષા વ્યક્ત કરે છે પરંતુ સંસ્થાગત ક્ષમતાનું નિર્માણ થતું નથી આજે આ પડકાર છે કે, વધતી વિવિધતાને પ્રભાવશાળી સામૂહિક સામર્થ્યમાં કેવી રીતે બદલી શકાય. નવી દિલ્હીમાં યોજાયેલા બ્રિકસ શિખર સંમેલનમાં આ સંક્રમણ બિંદુ પર ભારતના નેતૃત્વની પરીક્ષા થશે.

ઓકટોબર વર્ષ ૨૦૨૪માં કઝાન શિખર સંમેલનમાં સ્થાપિત ભાગીદારી દેશ વ્યવસ્થાએ વ્યાપક ભાગીદારી તથા પૂર્ણ સભ્યતા વચ્ચે એક ઉપયોગી સેતુનું નિર્માણ કર્યું હતું. વર્ષ ૨૦૨૫માં ૧૦ દેશોને ભાગીદારકીનો દરજ્જો મળ્યો હતો પરંતુ વિસ્તારની આકાંક્ષા અટકી નથી. ક્યુબા, થાઈલેન્ડ, મલેશિયા, તથા નાઈજીરીયા પૂર્ણ સદસ્યતાની ઈચ્છા વ્યકત કરી ચૂક્યા છે જ્યારે તુર્કિ તથા અજરબૈજાને બ્રિકસ સંમેનમાં જોડાવાની ઈચ્છા વ્યકત કરી છે.

દોઢ દાયકા પછી બ્રિકસ જૂથ પાસે ડોલરને ટક્કર આપી શકે તેવું સર્વ સામાત્વ ચલણ નથી

રશીયા તથા ચીન તીવ્ર વિસ્તારના પક્ષમાં છે જ્યારે ભારત તથા બ્રાઝીલે સાવધાનીનું સમર્થન કર્યું છે આ મતભેદનો વિસ્તાર વિરૂધ્ધ સંકુચિત સિમિત કરવું યોગ્ય નથી નવા સભ્યોનો પ્રવેશ, સંગઠનની સંસ્થાગત તત્પરતા, નિર્માણ ક્ષમતા તથા ફરજો પૂરી કરવાની ક્ષમતા મુજબ હોવું જરૂરી છે. આ માટે બ્રિકસમાં સમાનતા નહી પરંતુ જરૂરી સહયોગ અને વ્યવસ્થાની જરૂર છે. શિખર સંમેલન, મંત્રી સ્તરનો સંવાદ, વિષય મુજબ કાર્યસમૂહ વેપાર અને શૈક્ષણિક નેટવર્ક, આકસ્મિક આરક્ષિત વ્યવસ્થા આ બધા પાસા અગાઉથી આ સંમેલનો પાયો છે.

આથી બ્રિકસને બહુસ્તરીય સંરચનામાં વિકસિત કરી શકાય છે. જ્યાં બધા દેશો પ્રત્યેક વિષય પર સમાન ગતિથી આગળ વધી શકે છે પરંતુ પરસ્પરના હિત સમાન હોવા જોઈએ. પ્રભાવશાળી બહુ પક્ષવાદનો અર્થ પ્રત્યેક પ્રશ્ન પર એકરૂપતા નહીં પરંતુ મતભેદો વચ્ચે પરસ્પરતા જરૂરી હિતો બ્રિકસની વૈશ્વિક ભૂમિકાને આગળ લાવશે.

આ અંગે વાસ્તવિકતા આ છે કે, આંતરરાષ્ટ્રીય મુત્સદીગીરી ક્યારેય ભાવનાઓ, આતિથ્ય કે, સાંસ્કૃતિક ઉન્માદથી ચાલતી નથી તે માત્ર રાષ્ટ્રીય હિત, સૈન્ય તાકાત અને આર્થિક ગણતરી પર ટકેલી હોય છે ભારતમાં બ્રિકસ જેવી બહુ પક્ષીય પરિષદો યોજાય છે ત્યારે દેશની અંદર અતિથિ દેવો ભવઃ અને વિશ્વ ગુરૂના નારાનો ઉન્માદ ફેલાય છે.

વિશ્વના નેતાઓ માટે લાલ જાજમનો પથરાય છે પરંપરાગત નૃત્ય સાથે ટોચના નેતાઓનું સ્વાગત કરવામાં આવે છે. દેશના વિવિધ રાજયોમાં પ્રખ્યાત ખાનપાન, કિંમતી વસ્તુઓની ભેટ સોગાદો અને પ્રવાસનો લાભ પણ આપવામાં આવે છે. ભારતના ઉત્સવપ્રિય વ્યવહાર અને આતિથ્યની પાછળ બંધ બારણે ચાલતી વાટાઘાટો અને જિયો પોલિટિકસના નક્કર આંકડાઓ એક જુદી તસવીર રજૂ કરે છે. બ્રિકસના મંચ પરથી સતત પશ્ચિમી ઈજારાશાહી અમેરિકાની જોહુકમી અને ડોલરના આધિપત્ય સામે આકોશ ઠાલવવામાં આવે છે.

બીજી તરફ હકીકત આ છે કે, બ્રિકસ જૂથ પાસે ડોલરનો ટક્કર આપી શકે તેવું કોઈ સર્વમાન્ય ચલણ નથી જૂથના આંતરિક વિરોધાભાસો એટલા તીવ્ર છે કે, તેઓ એક સર્વસંમત આર્થિક માળખું રચી શકતા નથી. આ વૈશ્વિક પ્લેટ ફોર્મ પર રશિયા અને ચીન પોતાના સ્વાર્થના ચોકઠા ગોઠવે છે.

જ્યારે ભારત વ્યૂહાત્મક રીતે અસમંજસમાં ઘેરાયેલું જણાય છે ભારતને જયજયકાર કરાવીને વિશ્વ ગુરૂ બનવું છે. દેશમાં મોંઘવારી વધી છે, બેરોજગારી વધી છે, વિદેશી રોકાણ ઘટી રહ્યું છે તેમાં નેતાઓને રસ નથી.

આથી વૈશ્વિક ધોરણે જે સ્થિતિ થઈ છે સત્તાના સમીકરણો, જોડાણો બદલાઈ રહ્યા છે તેને ભારતે સમજવા જરૂરી છે. રશિયા ભારતનું સૌથી જૂનો મિત્ર દેશ છે રશિયા જ્યારે બ્રિકસમાં આવે છે ત્યારે તેની ભૂમિકા બદલાઈ જાય છે.

વર્તમાન સ્થિતિમાં રશિયા માટે બ્રિકસ ડૂબતા માટે તણખલા સમાન છે. મોસ્કો માટે બ્રિકસ એ વૈશ્વિક કલ્યાણનું સાધન નથી પરંતુ યુક્રેન યુધ્ધ પછી પશ્ચિમના દેશોએ લાદેલા આકરા આર્થિક પ્રતિબંધો સામે બચવાનું હથિયાર છે.

રશિયાનું અર્થતંત્રનું લક્ષ્ય હાલમાં પોતાના ગેસ, તેલ અને શસ્ત્રો માટે વૈકલ્પિક બજારો શોધવાનું છે ભારતે વર્ષ ૨૦૨૨ પછી રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાતમાં જંગી વધારો કર્યો છે.

ચીન બ્રિકસનો ઉપયોગ પોતાના વિસ્તારવાદને પ્રોત્સાહન આપવા કરશે

આવો, સાથે મળીને 'ગંદકીથી ભરેલાં' દરિયાઈ મોજાંઓને ફરીથી સ્વચ્છ અને સ્વસ્થ બનાવીએ



ડો. જીતેન્દ્ર સિંહ

સમુદ્રની એક એવી યાદ છે જેને કોઈ ચોમાસું પણ મિટાવી નથી શકતું. વહેલી સવારે ભારતના ૧૧,૦૯૮ કિલોમીટર લાંબા દરિયાકિનારા પર ચાલવા નીકળો. તમને એ જ મોજાંઓમાં એક જૂની કહાની જોવા મળશે, જે એક સમયે મસાલાથી ભરેલા જહાજોને માલાબાર કિનારે લઈ જતા હતા અને મન્નારના અખાતમાં મોતી મરજીવાઓને ટેકો આપતા હતા. સમુદ્રનો આ જ પ્રાચીન અને સતત વહેતો પ્રવાહ નક્કી કરતો આવ્યો છે કે ભારતીયો કેવી રીતે જીવન જીવે, વેપાર કરે, પૂજા કરે અને પોતાનાં સપનાં જુએ.

પણ આજે એ જ દરિયા કિનારે જાઓ અને મોજા કંઈક બીજું જ લાવી રહ્યા છે - ફાટેલી માછીમારીની જાળ, જેમાં ખાલી શેમ્પૂના પાઉચ ભરાયેલા હોય; દરિયાઈ કાચબાનું બચ્ચું ખાવાની વસ્તુ સમજીને બોટલના ઢાંકણા તરફ આગળ વધી રહ્યું છે; એક માછીમાર જે સવારમાં માછલી પકડવા નીકળે છે તેની જાળમાં ફસાયેલી માછલીઓ પોતાના પિતાના સમયથી ઓછી થઈ ગઈ છે અને તેમાં માછલીઓ કરતાં પ્લાસ્ટિક વધુ જોવા મળે છે.

ભારત એક સમયે તેની સમૃદ્ધિનું માપ તેના પરવાળા, શેલફિશ અને માછલીઓના વિપુલ પ્રમાણમાં પકડવાથી માપતું હતું. પરંતુ આજે, ભારતને તે જ સમુદ્રમાંથી કચરાના રૂપમાં સંદેશ મળે છે.

આ કહાની છેલ્લા દાયકામાં, આપણે આખરે તે સંદેશને સમજવાનું અને આપણી રીતે સમુદ્રને પ્રતિભાવ આપવાનું શરૂ કર્યું છે તે વિશે છે. ઘણા લાંબા સમય સુધી, દરિયાકિનારો આપણા મનમાં એટલા જ અંતરે રહ્યો, જેટલો તે આપણાં નકશાની ધાર પર હતો. આપણે દરિયાકિનારાની મુલાકાત લેતા, તેની સુંદરતાને નિહાળતા, ક્યારેક-ક્યારેક ચક્રવાતથી થયેલા નુકસાન પર દુઃખ પણ વ્યક્ત કરતા. પરંતુ આપણા સહિયારા વારસા તરીકે તેને સુરક્ષિત રાખવા પર બહુ ઓછું ધ્યાન આપવામાં આવ્યું.

પહેલાં, સમુદ્ર અને તેના સંરક્ષણ સંબંધિત કાર્ય મોટાભાગે સરકારી વિભાગો સુધી મર્યાદિત હતું. અલગ-અલગ વિભાગો તેમના પોતાના સ્તરે કાર્યરત હતા. સમુદ્રની દૈનિક સંભાળને બદલે, આપત્તિઓ પછી રાહત અને બચાવ કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હતું. એવું કોઈ રાષ્ટ્રીય પ્લેટફોર્મ નહોતું જે સામાન્ય લોકોને—જેમ કે કોચ્ચીના કૉલેજના વિદ્યાર્થી, પુરીના શાળાના શિક્ષક અથવા પોરબંદરના દુકાનદારને—એવો અહેસાસ કરાવે કે સમુદ્ર પણ તેમનો છે અને તેનું રક્ષણ કરવું તેમની જવાબદારી છે.

આ દરમિયાન સમુદ્ર માટેનો ખતરો સતત વધી રહ્યો હતો. મોટી માત્રામાં પ્લાસ્ટિકનો કચરો, ખાસ કરીને એક વખત ઉપયોગમાં લેવાતું પ્લાસ્ટિક, નદીઓ અને નાળાઓના માર્ગે સમુદ્ર સુધી પહોંચી રહ્યું હતું. આ પ્લાસ્ટિક નષ્ટ થતું નથી, પરંતુ તૂટીને માઈક્રોપ્લાસ્ટિકમાં પરિવર્તિત થાય છે. આ પાંચ મિલીમીટરથી પણ નાના ટુકડાઓ હોય છે.

માછલીઓ આ નાના પ્લાસ્ટિકના ટુકડાઓને ખોરાક સમજીને ખાઈ જાય છે. આ પ્લાસ્ટિક પછી આપણાં ખોરાક સુધી પહોંચે છે. હવે એવું પણ જાણવા મળ્યું છે કે આ નાના પ્લાસ્ટિકના કણો ધીમે ધીમે ખોરાક શૃંખલા દ્વારા આપણા શરીરમાં પહોંચી શકે છે. ફેંકી દેવાયેલી માછીમારીની જાળમાં ફસાઈને અનેક દરિયાઈ જીવો મૃત્યુ પામી રહ્યા હતા. કોરલ રીફ, મેન્ગ્રોવ જંગલો અને માછલીઓની વસ્તી પણ ધીમે ધીમે પ્રભાવિત થઈ રહી હતી. લાખો દરિયાકાંઠાના પરિવારોની આજીવિકા આના પર નિર્ભર છે.

પ્રામાણિકપણે જોઈએ તો, આ આપણા સમયની એવી પર્યાવરણીય સમસ્યાઓમાંની એક હતી, જેના પર સૌથી ઓછું ધ્યાન અપાયું. સમસ્યા આપણી સામે જ હતી, પરંતુ આપણે તેને નજરઅંદાજ કરતા રહ્યા. આ સમસ્યા એવા દરિયાકિનારા સાથે વધી રહી હતી, જે ભારતના નવ રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોને સ્પર્શે છે.

પહેલાં, સમુદ્ર અને તેના સંરક્ષણ સંબંધિત કાર્ય મોટાભાગે સરકારી વિભાગો સુધી મર્યાદિત હતું. અલગ-અલગ વિભાગો તેમના પોતાના સ્તરે કાર્યરત હતા. સમુદ્રની દૈનિક સંભાળને બદલે, આપત્તિઓ પછી રાહત અને બચાવ કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતું હતું. એવું કોઈ રાષ્ટ્રીય પ્લેટફોર્મ નહોતું જે સામાન્ય લોકોને - જેમ કે કોચ્ચીના કૉલેજના વિદ્યાર્થી, પુરીના શાળાના શિક્ષક અથવા પોરબંદરના દુકાનદારને- એવો અહેસાસ કરાવે કે સમુદ્ર પણ તેમનો છે અને તેનું રક્ષણ કરવું તેમની જવાબદારી છે

પરિવર્તન ફક્ત નવી નીતિથી આવ્યું ન હતું. વાસ્તવિક પરિવર્તન મોદી સરકારનો સભાન નિર્ણય હતો કે સ્વચ્છતાને હવે બીજા કોઈની જવાબદારી પર છોડી શકાય નહીં. તેને દરેક વ્યક્તિની જવાબદારી બનાવવી પડશે. ૨૦૧૪માં સ્વચ્છ ભારત મિશન શરૂ કરતી વખતે પ્રધાનમંત્રીએ તેને "જન આંદોલન", એટલે કે લોકોનું આંદોલન બનવાનું આહ્વાન કર્યું હતું. આ જ વિચાર પાછળથી સમુદ્ર અને દરિયા કિનારા સુધી પહોંચ્યો.

આ દ્રષ્ટિકોણનો એક ભાગ "મિશન લાઈફ" અથવા પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી છે. તેનો ઉદ્દેશ્ય પર્યાવરણીય સંરક્ષણને દરેક નાગરિક માટે પ્રસંગોપાત કાર્યને બદલે રોજિંદા આદત બનાવવાનો છે. અમારા મંત્રાલયની જવાબદારી મહાસાગરો, વાતાવરણ અને પૃથ્વીને લગતી વૈજ્ઞાનિક પ્રણાલીઓને સમજવા અને તેનો અભ્યાસ કરવાની છે. તો, અમારો એક સરળ પ્રશ્ન હતો: જો ભારત તેના શહેરોને સાફ કરવા માટે લાખો લોકોને એકત્ર કરી શકે છે, તો શું તેના મહાસાગરો માટે પણ આવું જ ન કરી શકાય?

આ પ્રશ્નનો જવાબ ૨૦૨૨માં "સ્વચ્છ સમુદ્ર, સુરક્ષિત સાગર" અભિયાનના રૂપમાં ઉભરી આવ્યો. આ અભિયાનનો હેતુ ફક્ત એક દિવસ માટે દરિયાકિનારા સાફ કરવાનો અને ફોટા પડાવવાનો નહોતો. તેને સતત ચાલતું, વિજ્ઞાન આધારિત અને સામાન્ય નાગરિકોની ભાગીદારી ધરાવતું અભિયાન બનાવવામાં આવ્યું. દર વર્ષે તેને આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સફાઈ દિવસ સાથે જોડવામાં આવે છે. આ દિવસ સપ્ટેમ્બરના ત્રીજા શનિવારે મનાવવામાં આવે છે. તેની શરૂઆત ૧૯૮૬માં થઈ હતી અને આજે વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં લોકો પોતાના નજીકના દરિયાકિનારે સફાઈ કરવા માટે પહોંચે છે—હાથમાં માત્ર મોજાં અને કચરાની થેલીઓ હોય છે અને મનમાં સમુદ્રને સ્વચ્છ રાખવાનો સંકલ્પ હોય છે.



આ અભિયાનનો ટૂંકો ઇતિહાસ તેની વધતી જતી પહોંચની સંપૂર્ણ વાર્તા દર્શાવે છે. તેના પ્રથમ વર્ષમાં, "સ્વચ્છ સમુદ્ર, સુરક્ષિત સાગર" અભિયાન ૭૫ દિવસ ચાલ્યું અને ૭૫ સ્થળોએ પહોંચ્યું. અમારી દરિયાઈ સંશોધન સંસ્થાઓએ મુખ્યત્વે તેના પર કામ કર્યું. આ એક શરૂઆત હતી, કોઈ નોંધપાત્ર સિદ્ધિ નહીં. પરંતુ ધીમે ધીમે, અન્ય મંત્રાલયો પણ તેમાં જોડાવા લાગ્યા. સીમા જાગરણ મંચ અને પર્યાવરણ સંરક્ષણ સક્રિયતા જેવી સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમના નેટવર્ક દ્વારા લોકોને જોડ્યા. દરિયાકાંઠાના રહેવાસીઓમાં પણ સંદેશ ફેલાવા લાગ્યો.

(લેખક વિજ્ઞાન અને ટેકનોલોજી તથા પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને પ્રધાનમંત્રી કાર્યાલય, પરમાણુ ઊર્જા વિભાગ, અંતરિક્ષ વિભાગ અને કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયના રાજ્ય મંત્રી છે.)

સરકારી સામે વિરોધ પ્રદર્શન માન્ય છે, પરંતુ વાહનો સળગાવવાને વાજબી ઠેરવી શકાય નહીં

નોઈડા હિંસા કેસમાં રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ કાર્યકર્તા આકૃતિ ચૌધરીની ધરપકડ રદ કરવાના અલ્હાબાદ હાઈકોર્ટના તાજેતરના નિર્ણયથી કાયદો અને વ્યવસ્થા, વહીવટી જવાબદારી અને જાહેર સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા થાય છે, અને કદાચ તેથી જ સરકારે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે રાજ્ય દ્વારા રજૂ કરવામાં આવેલી વાર્તાને "બનાવટી વાર્તા" ગણાવી, વહીવટ દ્વારા રજૂ કરાયેલા પુરાવા પર પ્રશ્ન ઉઠાવ્યા અને નોઈડા સત્તાવાળાઓને, ખાસ કરીને જિલ્લા મેજિસ્ટ્રેટને, અરજદારને પાંચ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો નિર્દેશ આપ્યો.

બંધારણ દરેક નાગરિકને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને શાંતિપૂર્ણ વિરોધનો અધિકાર આપે છે તેમાં કોઈ વિવાદ નથી. લોકશાહીમાં, લોકો વિરોધ કરી શકે છે અને સરકાર અને વહીવટીતંત્ર સમક્ષ પોતાની ફરિયાદો વ્યક્ત કરી શકે છે. શાંતિપૂર્ણ વિરોધ અને હિંસક મેળાવડા વચ્ચે તફાવત છે. જ્યારે કોઈ વિરોધ પથ્થરમારો, આગચંપી, તોડફોડ, જાહેર અથવા ખાનગી સંપત્તિને નુકસાન, પોલીસ પર હુમલા અથવા નાગરિકોમાં ભય પેદા કરવા સુધી વધે છે, ત્યારે તે ફક્ત વિરોધનું સ્વરૂપ રહેતું નથી. તે એક ગંભીર કાયદો અને વ્યવસ્થાની સમસ્યા બની જાય છે, જેને નિયંત્રિત કરવાની જવાબદારી રાજ્યની છે. નોઈડા ઘટનાને ફક્ત એક સામાન્ય મજૂર વિરોધ તરીકે ન જોઈ શકાય. હિંસામાં ૧૦૦ થી વધુ વાહનોને નુકસાન થયું, ૫૦ થી વધુ ફેક્ટરીઓમાં તોડફોડ થઈ અને પોલીસ વાહનો સહિત અસંખ્ય વાહનોને આગ ચાંપી દેવામાં આવી. જ્યારે કોઈ મોટું ટોળું હિંસક બને છે, ત્યારે પોલીસ મૂક પ્રેક્ષક બનીને રહી શકતી નથી. પોલીસની પ્રાથમિક જવાબદારી માનવ જીવન, જાહેર સંપત્તિ અને ખાનગી સંપત્તિનું રક્ષણ કરવાની અને હિંસાને વધુ ફેલાતી અટકાવવાની છે.

કાયદેસર માંગણીના નામે શરૂ કરાયેલા વિરોધને ફક્ત એટલા માટે હિંસક બનવાની મંજૂરી આપી શકાતી નથી કારણ કે તે કાયદેસર માંગણીથી ઉદ્ભવ્યો હતો. પથ્થરમારો, પોલીસ વાહનો પર હુમલા, આગજની અને જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચાડવાના મોટા પાયે બનાવો સામાન્ય રીતે સ્વયંભૂ બનતા નથી. તેમાં પૂર્વ તૈયારી, આયોજન અને સુનિયોજિત રણનીતિનો સમાવેશ થઈ શકે છે. આવી હિંસા માટે યોજના બનાવનારા, ઉશ્કેરનારા અથવા વૈચારિક સમર્થન બનાવનારાઓની ભૂમિકાની તપાસ જમીન પર હિંસા કરનારાઓની ભૂમિકા જેટલી જ ગંભીરતાથી થવી જોઈએ. ગુનાનું આયોજન અને અમલ કરવામાં મદદ કરનારાઓની ભૂમિકા કાયદાની નજરમાં પણ મહત્વપૂર્ણ છે.



જો કોઈ વ્યક્તિ પર હિંસા ભડકાવવાનો આરોપ હોય, તો રાજ્યએ તે વ્યક્તિ અને હિંસા વચ્ચે કડી સ્થાપિત કરવા માટે વિશ્વસનીય પુરાવા રજૂ કરવા પડશે. દ્રજ્છ જેવી નિવારક અટકાયત એક અસાધારણ શક્તિ છે અને તેનો ઉપયોગ સામાન્ય ગુનાહિત તપાસ અથવા કાર્યવાહીના વિકલ્પ તરીકે થઈ શકતો નથી. જો આકૃતિ ચૌધરી સામે પૂરતા પુરાવા ન હોય તો ન્યાયિક હસ્તક્ષેપ સ્વાભાવિક હતો, પરંતુ એવું માનવું મુશ્કેલ છે કે વહીવટીતંત્રનો કોઈ કાર્યકર્તા પર NSA લાદવામાં અથવા તેને જેલમાં મોકલવામાં કોઈ વ્યક્તિગત હિત હોઈ શકે છે. પુરાવા અથવા પ્રક્રિયામાં ખામીઓ હોઈ શકે છે, પરંતુ આનો અર્થ એ નથી કે કાયદો અને વ્યવસ્થા અંગે વહીવટીતંત્રની ચિંતાઓ સંપૂર્ણપણે પાયાવિહોણી છે.

હિંસામાં ૧૦૦ થી વધુ વાહનોને નુકસાન થયું, ૫૦ થી વધુ ફેક્ટરીઓમાં તોડફોડ થઈ અને પોલીસ વાહનો સહિત અસંખ્ય વાહનોને આગ ચાંપી દેવામાં આવી. જ્યારે કોઈ મોટું ટોળું હિંસક બને છે, ત્યારે પોલીસ મૂક પ્રેક્ષક બનીને રહી શકતી નથી

એવું લાગે છે કે વ્યક્તિગત સ્વતંત્રતા અને જાહેર સલામતી વચ્ચે સંતુલન બનાવતી વખતે, એક પાસાને વધુ ધ્યાન આપવામાં આવ્યું હતું, જ્યારે બીજા પાસાને, રાજ્યની તેના નાગરિકોના જીવન, સંપત્તિ અને સલામતીની જવાબદારીને, માનનીય અદાલત દ્વારા સમાન ગંભીરતાથી જોવામાં આવી ન હતી. આપણે એવી પરિસ્થિતિઓને સામાન્ય બનવા દેવી જોઈએ નહીં જ્યાં શેરીઓ, ઔદ્યોગિક વિસ્તારો, સરકારી સંસ્થાઓ અથવા પોલીસ મથકો ટોળાની હિંસાનું કેન્દ્ર બને. ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર લોકશાહીમાં, કાયદાના શાસનને નબળું પાડવાની કોઈપણ વૃત્તિ ગંભીર પરિણામો લાવી શકે છે.

સરકારી નિર્ણયો સામે વિરોધ પ્રદર્શન માન્ય છે, પરંતુ વિચારધારાના નામે વાહનો સળગાવવાને વાજબી ઠેરવી શકાય નહીં. પોલીસ અધિકારીઓ પર હુમલો કરવો એ કોઈપણ રાજકીય મંતવ્યનો ભાગ ન હોઈ શકે. ફેક્ટરીઓ અને જાહેર સંપત્તિમાં તોડફોડ કરવી એ લોકશાહી અધિકાર નથી. હિંસક ટોળાનો સામનો કરી રહેલા પોલીસ અધિકારીએ પરિસ્થિતિ દ્વારા ઉદભવતા જીવન અને સંપત્તિ માટે કેટલા જોખમ છે અને તેને નિયંત્રિત કરવા માટે કયા પગલાં લેવા જોઈએ તે નક્કી કરવું જોઈએ. જો ટોળું પથ્થરમારો કરી રહ્યું હોય, વાહનોને આગ લગાવી રહ્યું હોય અથવા પોલીસ પર હુમલો કરી રહ્યું હોય, તો કાયદો અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાની તેમની જવાબદારી છે.

જો કોઈ અધિકારીએ પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો હોય, તો તેની તપાસ થવી જોઈએ. જો પુરાવા ખોટા બનાવ્યા હોય, તો તેની નિંદા થવી જોઈએ.

શું AI ભવિષ્યમાં ક્યારેય માનવ અસ્તિત્વ માટે ખતરો ઉભો કરી શકે છે? જવાબ છે-કદાચ હાં

ઈમેઈલ લખવાનું હોય, ૮૦ના દાયકાના ફોટા બનાવવાનું હોય, કંપનીના વ્યવસાયનું વિશ્લેષણ કરવાનું હોય, અથવા એક-લાઈન વિચારથી આખી ફિલ્મ સ્ક્રિપ્ટ લખવાનું હોય, AI એક શ્વાસમાં બધું જ કરી શકે છે. તે એમ પણ કહે છે કે, "જો તમે ઈચ્છો તો, હું આનું એક એવું સંસ્કરણ બનાવી શકું છું જે બિલકુલ માનવ જેવું દેખાય." પરંતુ શું AI ભવિષ્યમાં ક્યારેય માનવ અસ્તિત્વ માટે ખતરો ઉભો કરી શકે છે?

આ ખતરો વારંવાર ઉઠાવવામાં આવ્યો છે. પરંતુ હવે, એક મોટો વિકાસ થયો છે. વિશ્વની અગ્રણી એઆઈ કંપની, એન્થ્રોપિકના સંશોધક, જેકબ કોક્સને કંપની છોડી દીધી છે. એન્થ્રોપિકના સંશોધન વિદ્વાન, જેકબ કોક્સને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર રાજીનામું આપવાની જાહેરાત કરી. તેમની પોસ્ટમાં, તેમણે લખ્યું કે એન્થ્રોપિક અને ઓપનએઆઈ જેવી કંપનીઓ ઝડપથી માનવો કરતાં વધુ બુદ્ધિશાળી છૈં અથવા સુપરઈન્ટેલિજન્સ બનાવવા માટે દોડી રહી છે, અને આ બેદરકારી લોકોના જીવનને જોખમમાં મૂકી રહી છે.

તેમણે લખ્યું કે એન્થ્રોપિક અને ઓપનએઆઈ જેવી કંપનીઓ ઝડપથી માનવો કરતાં વધુ બુદ્ધિશાળી AI અથવા સુપરઈન્ટેલિજન્સ બનાવવા માટે દોડી રહી છે

એવું શું થયું કે એન્થ્રોપિક કર્મચારીને રાજીનામું આપવાની ફરજ પડી? જેકબ કોક્સને ઠ પર એક લાંબો થ્રેડ પોસ્ટ કર્યો, કારણ સમજાવ્યું. કોક્સને દાવો કર્યો કે એઆઈ લેબમાં લોકો આ ખતરાને સંપૂર્ણપણે સમજે છે. છતાં, કામ ચાલુ રહે છે. જેઓ AI બનાવે છે તેઓ પણ માને છે કે AI આપણને બધાનો નાશ કરશે. કોક્સને આગળ લખ્યું કે મોટી કંપનીઓના અધિકારીઓ અને સંશોધકો મીડિયા સાથે વિચારપૂર્વક અને જવાબદારીપૂર્વક વાત કરે છે, પરંતુ મેં તેમને ખાનગીમાં ડર વ્યક્ત કરતા સાંભળ્યા છે.

તેઓ જે સિસ્ટમ બનાવી રહ્યા છે તે કંઈપણ હેક કરી શકે છે, રાતોરાત કોઈપણ ક્ષેત્રમાં ક્રાંતિ લાવી શકે છે, અને વાસ્તવિક શક્તિ અને સંસાધનો મેળવી શકે છે, અને આ વૃદ્ધિ બિલકુલ ધીમી પડી રહી નથી. તેમણે તે બે કંપનીઓ વચ્ચે પણ તફાવત દર્શાવ્યો જ્યાં તેઓ કામ કરતા હતા. તેમણે લખ્યું કે ઓપન એઆઈમાં ઘણા લોકો ખતરાની ગંભીરતા અને સભ્યતા પર તેની અસરને સંપૂર્ણપણે સમજી શક્યા ન હતા.

એઆઈ વિશે ચેતવણીઓ ગંભીર છે કારણ કે જેટલા વધુ શક્તિશાળી મોડેલો બને છે, તેમની નિર્ણય લેવાની પ્રક્રિયાઓ વધુ જટિલ અને ઓછી પારદર્શક બને છે. આ પરિસ્થિતિ અચાનક નથી. માર્ચ ૨૦૨૩માં, એલોન મસ્ક અને એપલના સહ-સ્થાપક સ્ટીવ વોઝનિયાક સહિત અનેક વ્યક્તિઓએ AIના વિકાસ વિશે ચેતવણી આપી હતી.

વધુમાં, એક મુખ્ય ચિંતા પર્યાવરણ છે. વિશાળ સર્વર્સ અને ડેટા સેન્ટરો મોટા પ્રમાણમાં વીજળી અને પાણીનો વપરાશ કરી રહ્યા છે, જેનાથી કાર્બન ઉત્સર્જન વધી રહ્યું છે. જો કે, આ બધું એનો અર્થ એ નથી કે ટેકનોલોજી ત્યાં જ અટકી જવી જોઈએ. AI એ તબીબી, શિક્ષણ, વિજ્ઞાન, સંશોધન અને કૃષિ ક્ષેત્રોમાં મોટા પરિવર્તનની સંભાવના દર્શાવી છે. સંસાધનો પરના વર્તમાન દબાણ અને વિશ્વ સામેના પડકારોને સંબોધવામાં AI એક મદદરૂપ સાધન બની શકે છે.

ઓપનએઆઈના મુખ્ય વૈજ્ઞાનિક જેકબે તાજેતરમાં જણાવ્યું હતું કે AI જે ગતિએ આગળ વધી રહ્યું છે તેના માટે માનવીઓ તૈયાર નથી. કૃત્રિમ બુદ્ધિની સુરક્ષા અને દેખરેખ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. સરકારો અને અન્ય સંસ્થાઓએ પણ આમાં ભૂમિકા ભજવવી જોઈએ. કંપનીઓને ફક્ત કોર્પોરેશનોની દયા પર છોડી શકાતી નથી.